# ગુજરાત જાહેર સેવા આયોગ

**છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**


## -: અગત્યની જાહેરાત :-

**જાહેરાત ક્રમાંક: ૪૧/૨૦૧૯-૨૦**

**જગ્યાનું નામ: એનેટોમીના પ્રાધ્યાપક, વર્ગ-૧**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા એનેટોમીના પ્રાધ્યાપક, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧ ની સામાન્ય વર્ગની ૦૨ જગ્યા, સા.અને શૈ.પ.વર્ગની ૦૨ જગ્યા અને અનુસુચિત જન-જાતિ વર્ગની ૦૧, એમ કુલ ૦૫ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેનું માંગણાપત્રક મોકલી આપવામાં આવેલ. તદનુસાર, આયોગ દ્વારા તા.૨૫.૧૦.૨૦૧૯ ના રોજ વર્તમાનપત્રમાં સદરહુ જગ્યાની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. તત્કાલિન સમયે વિભાગ દ્વારા ' ઉક્ત જગ્યાઓમાં નિવૃત્તિ, રાજીનામા, બઢતી અથવા બીજા કોઈ પણ કારણસર વધ કે ઘટ થાય તેવી સંભાવના રહેશે', તેવું જણાવવામાં આવેલ. જે અનુસાર જાહેરાતમાં પણ તેવો ઉલ્લેખ કરવામાં આવેલ. સદરહુ જાહેરાતમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી મળેલ દરખાસ્ત અન્વયે આયોગ દ્વારા તા. ૦૧/૧૧/૨૦૨૧ ના રોજ જગ્યાની સંખ્યામાં ફેરફાર અંગેની નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરંતુ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી મળેલ તા. ૧૫.૦૩.૨૦૨૨ નાં પત્ર મુજબ હવે આ સંવર્ગમાં જગ્યાઓ બઢતીથી ભરવા નિર્ણય થયેલ હોઇ, વિભાગની વિનંતીનાં અનુસંધાને આયોગ દ્વારા પ્રસિધ્ધ સીધી ભરતીની **જાહેરાત ક્રમાંક: ૪૧/૨૦૧૯-૨૦, એનેટોમીના પ્રાધ્યાપક, વર્ગ-૧ રદ કરવામાં આવે છે.** જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૨૪/૦૫/૨૦૨૨